દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
રવિવાર ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬

# ઈરાનમાં ભલે હમણા આંતરીક રમખાણ ચાલી રહ્યા છે પરંતુ તે મૂળ તો પારસીઓનો દેશ પર્સિયા છે

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે ફરી એક વખત ચેતવણી ઉચ્ચારી હતી કે જો ઈરાનના અધિકારીઓ દ્વારા પ્રદર્શનકારીઓની હત્યા કરવામાં આવશે, તો અમેરિકા સૈન્યકાર્યવાહી કરી શકે છે.એક ઇન્ટરવ્યૂમાં ટ્રમ્પે કહ્યું, 'મેં તેમને કહી દીધું છે કે જો તેમણે લોકોને મારવાનું શરૂ કર્યું, સામાન્યતઃ તેઓ આવું કરતા હોય છે, તો અમે સજ્જડ જવાબ આપીશું. આ પહેલાં ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશકિયાને શાંતિપૂર્ણ પ્રદર્શનો સાથે પૂરેપૂરો સંયમ જાળવવા અપીલ કરી હતી તથા નિવેદનમાં કહ્યું હતું કે,કોઈપણ પ્રકારનું હિંસક કે બળજબરીપૂર્વકનું આચરણ ટાળવું જોઈએ. ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનેઈએ શનિવારે કહ્યું હતું કે અધિકારીઓએપ્રદર્શનકારીઓ સાથે વાત" કરવી જોઈએ, પરંતુહુલ્લડખોરોને તેમનું સ્થાન દેખાડવું જોઈએ. તાજેતરના પ્રદર્શનો તા. 28 ડિસેમ્બરથી શરૂ થયા હતા. ખુલ્લા બજારમાં અમેરિકન ડોલરની સરખામણીએ રિયાલના (ઈરાનનું ચલણ) ભાવોમાં ભારે ઘટાડો થયો હતો, જેના કારણે તેઓ નારાજ હતા. છેલ્લા એક વર્ષમાં ઈરાની રિયાલ રેકોર્ડ નીચલા સ્તરે ગગડી ગયો છે અને મોંઘવારી 40 ટકા સુધી પહોંચી ગઈ છે. ઈરાનના પરમાણુ કાર્યક્રમ ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યા છે, જેની અસર ઈરાનના અર્થતંત્ર ઉપર પણ જોવા મળી રહી છે. આ તેમણે એટલા માટે કહ્યું છે કે, છેલ્લાં કેટલાંક વર્ષોથી ઈરાનમાં ધાર્મિક સત્તા છે અને તેમના વિરોધમાં થયેલાં પ્રદર્શનોમાં આ શક્તિશાળી હોવાનું જણાવાય રહ્યું છે. ગુરુવારે સાંજે તેહરાના સહિત ઈરાનના બીજા સૌથી મોટા શહેર મશહદમાં શાંતિપૂર્ણ પ્રદર્શન થયાં હતાં. ઈરાનના સુરક્ષાબળોએ આ પ્રદર્શનોને અટકાવ્યાં ન હતાં. બીબીસી ફારસીએ આ વીડિયોની પુષ્ટિ કરી છે. એક મોનિટરિંગ ગ્રૂપના જણાવ્યા પ્રમાણે, એ પછી સમગ્ર ઈરાનમાં ઇન્ટરનેટ બંધ કરી દેવામાં આવ્યું છે. વીડિયો ફૂટેજમાં પ્રદર્શનકારીઓને ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લાહ અલી ખામેનેઈને હઠાવવાની માંગ કરતા જોઈ શકાય છે. સાથે જ તેમને છેલ્લા શાહના નિર્વાસિત દીકરા રઝા પહલવીની વાપસીના નારા લગાવતા સાંભળી શકાય છે. રઝા પહલવીએ પોતાના સમર્થકોને રસ્તા ઉપર ઊતરવાની અપીલ કરી હતી. ઇરાન પહેલા ઇસ્લામના અનુયાયીઓનો દેશ હતો જ નહીં. આ પહેલા તે પારસીઓનો દેશ હતો. 7મી સદીમાં આરબ ખલીફાઓએ પોતાની સીમાઓ વિસ્તારી, ત્યારે તેમણે ઈરાન અને તેની આસપાસના દેશો પર કબજો જમાવ્યો. 8મી સદી સુધીમાં, પારસીઓની બહુમતી ધરાવતા ઈરાનમાં ઇસ્લામિક કાયદાઓનો કડક અમલ કરવામાં આવ્યો, મોટા પાયે ધર્માંતરણ કરવામાં આવતું હતું અને જે લોકોએ ઇનકાર કર્યો હતો તેમને સજા કરવામાં આવતી હતી. લાખો પારસીઓ પોતાનો જીવ બચાવવા માટે પૂર્વ તરફ ભાગી ગયા, જેમાંથી કેટલાક ભારતમાં સ્થાયી થયા. તુર્કો અને આરબોના વિજય પછી, ઈરાનીઓએ ઇસ્લામ અપનાવ્યો અને પોતાને શિયા મુસ્લિમ બનાવીને પોતાનું અસ્તિત્વ બચાવ્યું. એટલે જ ઇરાનની જે ખાડી છે તેને પારસની ખાડી કહેવાય છે જે પારસીઓના નામ પરથી છે. આ ખાડીને અંગ્રેજીમાં પર્સિયન સી કહેવામાં આવે છે કારણ કે પારસીઓને પણ ઈંગ્લિશમાં પર્સિયન જ કહેવાય છે. ટાઈમ મેગેઝિન અનુસાર, તેહરાનના એક ડોક્ટરે નામ ન જણાવવાની શરતે જણાવ્યું હતું કે રાજધાનીની માત્ર છ હોસ્પિટલોમાં ઓછામાં ઓછા 217 પ્રદર્શનકારીનાં મોત નોંધાયાં છે, જેમાં મોટા ભાગનાં મોત ગોળી વાગવાથી થયાં છે.

## આપણે બધાં બંધાયેલાં છીએ



એક વૃદ્ધ માણસ હતો. તે દુનિયામાં સાવ એકલો હતો. તેનું પોતાનું કહેવાય તેવી તેની પાસે એક ગાય હતી, જેને તેણે પાળી હતી. તે ગાય વાછડી હતી ત્યારથી તેની દેખભાળ કરી હતી. વૃદ્ધ માણસ ઘરમાં અને ઘરના વાડામાં રહેતા. એક દિવસ વૃદ્ધે ગાયને જે ખૂંટાથી બાંધતો હતો તે ખૂંટાથી દોરડું ખોલી નાખ્યું અને પુચકારીને કહ્યું, ''હું સાવ વૃધ્ધ થઈ ગયો છું. હવે તારી દેખભાળ કરી શકું તેમ નથી. જા, આજથી તું આઝાદ છે, જંગલમાં મેદાનમાં જયાં તને ખાવા ઘાસ મળી જાય ત્યાં જતી રહે.''ગાય જાણે તેની ભાષા સમજતી હોય તેમ જતી રહી.વૃદ્ધ દુઃખી થયો. તેને

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

ગાય વિના આખો દિવસ ગમ્યું નહિ અને આ બાજુ ગાય આખો દિવસ જંગલમાં અને મેદાનોમાં ફરીને ઘાસ ચરતી રહી અને રાત્રે વૃદ્ધના ઘરના વાડામાં પોતાના ખૂંટા પાસે પાછી આવી ગઈ. વૃદ્ધ તેને જોઇને રાજી થયો અને પાણી પાયું પણ તેને ખૂંટા સાથે ફરી બાંધી નહિ તો પણ ગાય પોતાના ખૂંટા પાસે જ બેસી રહી.સવારે પાછી ઘાસ ચરવા ગઈ અને સાંજે ખૂંટા પાસે પાછી આવી ગઈ. પછી તો આ જ રોજનું થયું. સવારે ગાય જાય અને રાત્રે પોતાના ખૂંટા પાસે પાછી આવી જાય. વૃદ્ધ તેને પાણી પાય અને વ્હાલ કરી રાજી થાય.આમ ચાલતું રહ્યું અને એક દિવસ વૃદ્ધ મૃત્યુ પામ્યો પણ ગાય તો રોજ રાત્રે પોતાના ખૂંટા પાસે આવતી જ રહી. આ એક ગાય અને વૃદ્ધની કહાની નથી. આ આપણા બધાની જીવન હકીકત છે. કારણ કે આપણે બધા જ જીવનમાં ખૂંટા સાથે બંધાયેલાં છીએ અને પોતાના ખૂંટાને છોડી શકતા નથી અને માનવજીવનમાં તો એક નહિ અનેક ખૂંટા હોય છે.જયાં રહીએ તે જગ્યા સાથે મોહ,જે વસ્તુઓ વાપરીએ તેની સાથે મોહ, જેની સાથે રહીએ છીએ તે સ્વજનો સાથે મોહ, જેની જેની સાથે પોતીકાપણું લાગે તેની સાથે મોહથી બંધાયેલાં રહેવું આપણને ગમે છે અને તે બંધનને છોડવાની આપણે હિંમત પણ કરી શકતાં નથી. ઘર, કામ ,ધંધો ,નોકરી, પતિ, પત્ની ,બાળકો ,પ્રેમી, પ્રેમિકા ,દોસ્ત ,માતા પિતા,સ્વજનો સાથે આપણે અદ્રશ્ય ખૂંટાથી બંધાયેલાં રહીએ છીએ અને છેલ્લા શ્વાસ સુધી કોઈ ખૂંટો છોડી શકતાં નથી. આ સિવાય પણ અનેક ગમતી ભૌતિક વસ્તુઓ રમકડાથી લઈને કાર અને હીરા ઝવેરાત સાથેના મોહના ખૂંટા સાથે પણ આપણે બંધાયેલાં જ રહીએ છીએ.

# સિંગાપુરની અર્થવ્યવસ્થાએ ૨૦૨૫નું વર્ષ સારી રીતે પસાર કર્યું

વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ



**સિંગાપુરની અર્થવ્યવસ્થાનો આ વિકાસ દર ભૂ-રાજકીય તણાવ તેમજ આંતરરાષ્ટ્રીય વ્યાપાર ક્ષેત્રે સર્જાયેલાં વમળો છતાં પણ અત્યાર સુધીનાં બધાં જ અનુમાનોને ખોટાં પાડીને થયો છે**

સિંગાપુરની અર્થવ્યવસ્થા માટે ૨૦૨૫નું વર્ષ આનંદદાયક રહ્યું. સેમીકન્ડક્ટર અને આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ બંને ક્ષેત્રોના મજબૂત વિકાસની કાંધે બેસીને સિંગાપુરની અર્થવ્યવસ્થા ૨૦૨૫ના વર્ષ દરમિયાન ૪.૮ ટકાના દરે વધી એવું પ્રાથમિક આંકડાઓ પરથી કહી શકાય. સિંગાપુરની અર્થવ્યવસ્થાનો આ વિકાસ દર ભૂ-રાજકીય તણાવ તેમજ આંતરરાષ્ટ્રીય વ્યાપાર ક્ષેત્રે સર્જાયેલાં વમળો છતાં પણ અત્યાર સુધીનાં બધાં જ અનુમાનોને ખોટાં પાડીને થયો છે એ પણ એક હકીકત છે, જેની નોંધ લેવી રહી.

આ અગાઉ ૨૦૨૫માં અર્થવ્યવસ્થા ૪ ટકાના દરે વિકાસ સાધશે એવો વર્તારો અધિકૃત રીતે કરવામાં આવ્યો હતો. એને તો ઠીક પણ આગળના વર્ષે થયેલ ૪.૪ ટકાના વૃદ્ધિદરને પણ ૨૦૨૫ દરમિયાન અર્થવ્યવસ્થાએ કરેલ વૃદ્ધિદર વટાવી ગયો છે એવું સિંગાપુરના વ્યાપાર અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ અંગેની નીતિ તેમજ અમેરિકાનું ચીન સાથે લગભગ કાયમી સંઘર્ષમાં રહેવાનું વલણ - આ બધું હોવા છતાં સિંગાપુરની અર્થવ્યવસ્થાએ ૨૦૨૫ના વર્ષને ૪.૮ ટકાના વૃદ્ધિદર સાથે અલવિદા કહી છે. તેણે ભલભલા આશાવાદીઓના વર્તારાને પણ ખોટા પાડ્યા છે. અગાઉના વર્ષની સરખામણીમાં લગભગ બધા જ સેક્ટરોમાં ૨૦૨૫ના ચોથા ત્રૈમાસિકી ગાળામાં વૃદ્ધિ જોવા મળી એ સરવાળે સિંગાપુરની અર્થવ્યવસ્થાએ વિકાસ સાધ્યો તે માટે કારણભૂત છે.

પ્રાથમિક જીડીપી વિકાસદરના આંકડાઓ દરેક ત્રૈમાસિકી ગાળાના પ્રથમ બે મહિના દરમિયાન રહેવા પામેલ વિકાસ ઉપર આધારિત હોય છે. અમેરિકાએ સિંગાપુર પર દસ ટકાના દરે રેસીપ્રોકલ ટેરિફ નાખી છે, પણ કેટલાક સેક્ટર જેવા કે, બ્રાન્ડેડ દવાઓ ઉપર સો ટકા ટેરિફ નાખવામાં આવી છે, જે સિંગાપુર માટે ચિંતાનો વિષય છે.

૨૦૨૬ના નવા વર્ષ માટેના એના સંદેશમાં સિંગાપુરના વડા પ્રધાન લૉરેન્સ વૉંગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, અર્થવ્યવસ્થાનો આ દેખાવ પ્રવર્તમાન સંયોગોમાં આપણા ધાર્યા કરતાં સારો છે. સિંગાપુરના વડા પ્રધાને આ માટે સેમીકન્ડક્ટર્સ અને ઈલેક્ટ્રોનિક્સ તેમજ આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે આવેલ પેઢીને કારણભૂત ગણાવ્યા છે. સિંગાપુરના વડા પ્રધાનના કહેવા પ્રમાણે અર્થવ્યવસ્થાનો વૃદ્ધિદર ૨૦૨૫ દરમિયાન ધાર્યા કરતાં સારો રહેવાને કારણે બેરોજગારી તેમજ ફુગાવાનું સ્તર નીચું રહ્યું હતું અને લગભગ દરેક ક્ષેત્રે ચોખ્ખી આવક વધી હતી.

જો કે એની સાથોસાથ જ એણે ચેતવણી ઉચ્ચારી હતી કે, આ વૃદ્ધિદરને વધુ ને વધુ તીવ્ર બની રહેલા જીઓપૉલિટિકલ તણાવો વચ્ચે જાળવી રાખવો પડકારરૂપ બની રહેશે. વાંગ દ્વારા કરવામાં આવેલાં આ અવલોકનોમાં ૨૦૨૬ માટેનો વર્તારો શું રહેશે તે કહેવામાં આવ્યું નથી પણ વ્યાપાર અને ઉદ્યોગ મંત્રાલયે ૨૦૨૬ દરમિયાન સિંગાપુરની અર્થવ્યવસ્થાનો વિકાસદર ૧થી ૩ ટકા વચ્ચે રહેવાનો વર્તારો આપ્યો છે. મંત્રાલયના વર્તારા પ્રમાણે વૈશ્વિક ફલકમાં સ્પર્ધાત્મકતા જાળવી રાખવા માટે સિંગાપુરે પોતાના આર્થિક વિકાસની વ્યૂહરચના અંગે પુનઃવિચારણા કરી નવેસરથી પોતાના લક્ષ્યાંકો નક્કી કરવા પડશે.

બીજું અગત્યનું પરિબળ એ છે કે દક્ષિણ-પૂર્વ એશિયામાં કંબોડિયા અને થાઈલેન્ડ વચ્ચે સરહદી તણાવ ઊભો થયો છે. જો કે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫એ થાઈલેન્ડ દ્વારા જુલાઈ, ૨૦૨૫થી કેદ કરાયેલ ૧૮ કંબોડિયન સૈનિકોને છોડી મૂકાયા તે હકારાત્મક પગલું છે. વડા પ્રધાન વોંગના કહેવા મુજબ બધી જ બાબતોને સાથે મૂકીએ તો એને કારણે આજનું વિશ્વ ઓછું સલામત અને વર્તારો ન કરી શકાય તેવું બની રહ્યું છે અને સિંગાપુરે પોતાની સલામતી સામેના પડકારો અને જોખમી પરિબળોથી સચેત રહેવું જોઈએ અને સમયાનુસાર ઉચિત કાર્યવાહી કરવી જોઈએ.

આમ, સિંગાપુર દ્વારા ૨૦૨૫ના કેલેન્ડર વર્ષ દરમિયાન પોતાની ધારણા તેમજ વર્તારા કરતાં પણ સારો વિકાસ સધાયો હોવા છતાં દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોમાં હાલની ભૂ-રાજકીય પરિસ્થિતિ તેમજ અમેરિકાના ટેરિફ સંબંધી અક્કડ વલણને કારણે સિંગાપુરે 'દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકીને પીએ' તેવું વલણ અપનાવવું પડશે એવી ચેતવણી સિંગાપુરના વડા પ્રધાન દ્વારા ઉચ્ચારવામાં આવી છે. ભારતે આમાંથી શું બોધ ગ્રહણ કરવો તે નક્કી કરવાનું રહેશે પણ ૨૦૨૬નું વર્ષ ભારતીય અર્થવ્યવસ્થા માટે પણ સાવ સરળ નિવડે એવું દેખાતું નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# કર્ણાટકનું રાજકારણ: સત્તાના સંઘર્ષમાં અટવાયેલું શાસન અને ખોવાયેલું વિઝન

સમયાંતર
રામચંદ્ર ગુહા

**રાજ્યના સર્વાંગી વિકાસ માટે માત્ર બેંગલુરુ જ નહીં, પરંતુ ગ્રામીણ વિકાસ, સિંચાઈ, જાહેર આરોગ્ય અને પ્રવાસન જેવા પાયાના મુદ્દાઓ પર ધ્યાન આપવાની તાતી જરૂરિયાત છે આઈટી હબ ગણાતા બેંગલુરુના રસ્તાઓ અને ટ્રાફિકની સમસ્યા ગંભીર બની છે**

તાજેતરના અઠવાડિયામાં, મારા વતન રાજ્ય કર્ણાટકનાં અખબારોમાં રાજ્યના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી વચ્ચેના સત્તાના સંઘર્ષ વિશે અસંખ્ય અહેવાલો આવ્યા છે. નાયબ મુખ્યમંત્રીના સમર્થકો દાવો કરે છે કે, જ્યારે મેં 2023માં કોંગ્રેસે સત્તા ફરી મેળવી ત્યારે પાર્ટીના હાઈકમાન્ડે સિદ્ધારમૈયાને પ્રથમ અઢી વર્ષ માટે મુખ્યમંત્રી તરીકે સેવા આપવાનું કહ્યું હતું, ત્યાર બાદ ડી.કે. શિવકુમાર તેમનું પદ સંભાળશે. સિદ્ધારમૈયાના અનુયાયીઓ આનો વિવાદ કરે છે અને કહે છે કે તેમનો માણસ પૂરાં પાંચ વર્ષ સત્તામાં રહેશે. જેમ જેમ તે મધ્યવર્તી ચિહ્ન નજીક આવ્યું અને હાઈકમાન્ડ મૌન રહ્યું, તેમ તેમ નાસ્તા, લંચ અને ડિનર મીટિંગ્સની શ્રેણીઓ યોજાઈ જ્યાં દરેક નેતાએ સ્થાનિક ધારાસભ્યો, જ્ઞાતિ સંસ્થાઓના વડાઓ વગેરેમાં પોતાના પક્ષ માટે સમર્થન માંગ્યું.

આ કૉલમ નેતૃત્વના વિવાદથી આગળ વધીને સમગ્ર કર્ણાટકમાં કોંગ્રેસ સરકારના પ્રદર્શનની તપાસ કરે છે. ચાલો, પહેલાં ગત વિધાનસભા ચૂંટણીના મહિનાઓને યાદ કરીએ. ત્યારે સમાચાર અહેવાલોમાં હિજાબ, હલાલ, લવ જેહાદ અને તેના જેવા મુદ્દાઓનું વર્ચસ્વ હતું. રાજ્યમાં ભારતીય જનતા પાર્ટી સત્તામાં હતી અને હંમેશની જેમ, સાંપ્રદાયિક ધ્રુવીકરણને ઉત્તેજન આપીને ફરીથી ચૂંટણી જીતવાનો પ્રયાસ કર્યો હતો. તેનું વહીવટી પ્રદર્શન ઓછું પ્રભાવશાળી હતું. આ જાણીને, તેને આશા હતી કે રાજ્યનાં મુસ્લિમોને રાક્ષસી ચિતરીને, તે કોઈક રીતે હિંદુઓમાં ફરીથી ચૂંટણી જીતવા માટે પૂરતી જમીન પાછી મેળવશે.

કર્ણાટક માટે સદ્ભાગ્યે, આ વ્યૂહરચના નિષ્ફળ રહી. કોંગ્રેસે નોંધપાત્ર બહુમતી સાથે ચૂંટણી જીતી અને સિદ્ધારમૈયાએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. તેમની સરકારના કાર્યકાળનું એક નિર્વિવાદ લક્ષણ સાંપ્રદાયિક તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો છે. રાજ્યમાં મુસ્લિમોની મોટી વસ્તી છે (કુલના અંદાજે 13%), તેમજ ખ્રિસ્તીઓની પણ નોંધપાત્ર સંખ્યા છે અને આ બંને સમુદાયોએ, કોઈ પ્રશ્ન વિના, મે 2023 થી તે પહેલાંના મહિનાઓ અને વર્ષોની સરખામણીમાં વધુ સુરક્ષિત અનુભવ્યું છે.

કર્ણાટકમાં કોંગ્રેસને અન્ય બાબતોની સાથે સાથે તેની પાંચ ગેરંટીના વચન દ્વારા સત્તા પર લાવવામાં આવી હતીઃ મહિલાઓ અને છોકરીઓને મફત બસ મુસાફરી, મહિલા-મુખ્ય પરિવારોને રોકડ ટ્રાન્સફર, વધારાનું અનાજ અને દરેક ઘરને 200 યુનિટ મફત વીજળી અને અંતે, શિક્ષિત પણ બેરોજગાર યુવાનોને સ્ટાઈપેન્ડ. જો કે આ યોજનાઓનો હજુ સુધી કોઈ મોટા પાયે વિદ્વત્તાપૂર્ણ અભ્યાસ કરવામાં આવ્યો નથી, પરંતુ સ્વતંત્ર નિરીક્ષકોના અહેવાલો સૂચવે છે કે તેઓ સામાજિક સુરક્ષા કવચ ઊભું કરવામાં મામૂલી સફળતા ભોગવી શક્યા હશે.

આ કર્ણાટકમાં સિદ્ધારમૈયા સરકારની સિદ્ધિઓ છે; સાપેક્ષ સાંપ્રદાયિક શાંતિ અને લક્ષિત કલ્યાણવાદ. મારા વતન રાજ્યમાં કોંગ્રેસ શાસનના એકત્રીસ મહિનાના અન્ય કોઈ સકારાત્મક પરિણામો વિશે વિચારવું અશક્ય નહીં તો મુશ્કેલ છે. વહીવટી ઉદાસીનતા અને અક્ષમતાનાં ચિહ્નો ખાસ કરીને રાજધાની બેંગલુરુમાં દેખાય છે, જ્યાં રસ્તાઓની બગડતી હાલત અને તેના પરિણામે ટ્રાફિક જામને કારણે શહેરનાં રહેવાસીઓને ઘણી તકલીફ પડી છે.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રેસે પણ અહેવાલોની શ્રેણી પ્રસારિત કરી છે કે કેવી રીતે ભારતની આઈટી ક્રાંતિનું પ્રદર્શન જેવું શહેર તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પતનને કારણે સ્થિરતા અને ક્ષયનો સામનો કરી રહ્યું છે.

જાહેર આક્રોશનો સામનો કરતાં, નાયબ મુખ્યમંત્રી–જેઓ બેંગલુરુના પ્રભારી મંત્રી પણ છે–તેમણે શહેરના ઉત્તર ભાગને–જ્યાં એરપોર્ટ આવેલું છે–દક્ષિણ ભાગ સાથે જોડવા માટે એક ભૂગર્ભ ટનલ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જ્યાં મુખ્ય સોફ્ટવેર અને બાયોટેક કંપનીઓ આવેલી છે. એવો દાવો કરવામાં આવે છે કે આનાથી એન્જિનિયરો અને વ્હાઈટ કોલર કામદારોની અવરજવરમાં સરળતા રહેશે, સાથે સાથે સામાન્ય નાગરિકોને પણ મદદ મળશે. છતાં જો કોઈ સરકારી કાર્યક્રમ 'સફેદ હાથી' ના નામને પાત્ર હોય, તો તે આ છે. દેશના અગ્રણી પરિવહન નિષ્ણાતો બેંગલુરુમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સમાં કામ કરે છે. તેઓએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે ડેપ્યુટી સીએમની યોજના અવિવેકી અને બિનકાર્યક્ષમ છે, કારણ કે તે શહેરના જટિલ ભૂસ્તરશાસ્ત્ર પ્રત્યે બેધ્યાન છે અને ખાનગી ઓટોમોબાઈલ માલિકોની અયોગ્ય રીતે તરફેણ કરે છે. આ નિષ્ણાતો દલીલ કરે છે કે શહેરના પરિવહનની અડચણો ઉકેલવા માટે બસોનો મોટો કાફલો હોવો એ વધુ સારો વિકલ્પ છે, જેની અવરજવર હાલની મેટ્રો સિસ્ટમ સાથે સંકલિત કરી શકાય. નોંધપાત્ર રીતે, ડેપ્યુટી સીએમએ આ નિષ્ણાતોને મળવાનો પણ ઈનકાર કર્યો છે અને સરકારી તિજોરી પર ભારે ખર્ચે તેમના અત્યંત ખરાબ રીતે વિચારેલા ટનલ પ્રોજેક્ટ સાથે આગળ વધવાની યોજના ધરાવે છે.

શિવકુમારની રાજનીતિ મહત્ત્વાકાંક્ષા અને ઉતાવળ દ્વારા ચિહ્નિત થયેલ છે. દરમિયાન, સિદ્ધારમૈયા, જે એક સમયે સાચો જન આધાર ધરાવતા સત્તા અને આત્મવિશ્વાસપૂર્ણ રાજકારણી હતા. તેઓ હવે પોતાનું પદ જાળવી રાખવા અને રાજ્યના ઈતિહાસમાં બે સંપૂર્ણ ટર્મ પૂરી કરનાર એકમાત્ર મુખ્યમંત્રી બનવામાં વ્યસ્ત હોય તેવું લાગે છે. આ બે માણસો વચ્ચેના સંઘર્ષે રાજ્યના શાસન પર વિપરીત અસર કરી છે. જો કે કેબિનેટમાં એવા કેટલાક મંત્રીઓ છે, જેઓ અત્યંત સક્ષમ છે, પરંતુ તેઓ તેમના સંબંધિત પોર્ટફોલિયો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં અસમર્થ રહ્યા છે, કારણ કે તેઓ બે ટોચના નેતાઓ વચ્ચેના વિવાદમાં ફસાયેલા છે.

કર્ણાટક કોંગ્રેસની સમસ્યાઓ પાર્ટીના રાષ્ટ્રીય નેતૃત્વની હેરાન કરી દે તેવી અક્ષમતાને કારણે વધી રહી છે. આ સત્તાનાં બહુવિધ કેન્દ્રો હોવાને કારણે ઉદ્ભવે છે. મલ્લિકાર્જુન ખડગે ટેકનિકલી કોંગ્રેસ અધ્યક્ષ છે અને તે પોતે કર્ણાટકના હોવાથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે મુખ્યમંત્રી પદ પર હાઈકમાન્ડની સ્થિતિ પર તેમનો નિર્ણાયક અભિપ્રાય હશે. જો કે, ખડગે સોનિયા અને રાહુલ ગાંધી પ્રત્યે અત્યંત આદરણીય છે અને એવું લાગે છે કે પ્રિયંકા ગાંધીને પણ પોતાનો અભિપ્રાય આપવો ગમે છે. તેથી નવી દિલ્હીમાં સત્તાના ચાર અલગ-અલગ સ્રોતો છે, જેમને સિદ્ધારમૈયા અને શિવકુમાર અને તેમનાં સમર્થકોએ અપીલ કરવાની હોય છે. નવાઈ નથી કે રાજ્ય કોંગ્રેસ આ સ્થિતિમાં છે.

મેં અગાઉ બેંગલુરુ જે સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે તે વિશે વાત કરી છે. જો કે, એ સ્વીકારવું અગત્યનું છે કે શહેર રાજ્યની વસ્તીના પાંચમા ભાગ કરતાં પણ ઓછું પ્રતિનિધિત્વ કરે છે. કર્ણાટકના સર્વાંગી વિકાસ માટે તેની રાજધાનીની પરિવહન અને પાણીની સમસ્યાઓ ઉકેલવા કરતાં ઘણું વધારે જરૂરી છે. તેમાં આધુનિક આર્થિક પ્રવૃત્તિનાં અન્ય કેન્દ્રો બનાવવાનો સમાવેશ થાય છે, જેથી તમિલનાડુ અને મહારાષ્ટ્ર જેવાં પડોશી રાજ્યોની જેમ કર્ણાટક મોટા પાયે ઔદ્યોગિક-વેપારી રોજગાર અને ટેક્સની આવક પેદા કરવા માટે માત્ર એક જ શહેર પર નિર્ભર ન રહે અને વસ્તીનો મોટો હિસ્સો હજુ પણ કૃષિ પર નિર્ભર હોવાથી, તેમાં ખેડૂતોને સિંચાઈ અને ધિરાણ પૂરું પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો સમાવેશ થાય છે, જ્યારે તેમને વધુ ટકાઉ પદ્ધતિઓ તરફ વાળવામાં આવે છે. વધુમાં, શહેરી અને ગ્રામીણ રહેવાસીઓ બંને માટે, જાહેર આરોગ્ય અને શિક્ષણ સુવિધાઓ સુધારવા માટે કર્ણાટક સરકાર દ્વારા ઘણું કરવાનું બાકી છે. અંતે, રાજ્યના અસાધારણ સમૃદ્ધ કુદરતી અને સાંસ્કૃતિક વારસાને જોતાં, પ્રવાસન ખરેખર સરકાર માટે રસનું મુખ્ય ક્ષેત્ર હોવું જોઈએ, કારણ કે તેમાં રોજગાર અને આવક બંને પેદા કરવાની અપાર ક્ષમતા છે.

છતાં જો કોઈ સ્થાનિક પ્રેસના અહેવાલો તપાસે, તો આમાંનો કોઈ પણ મુદ્દો, જે રાજ્યના વર્તમાન અને ભવિષ્ય માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે, તેના પર મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી વચ્ચેના વિવાદ જેટલું ધ્યાન પણ આપવામાં આવતું નથી. ખરેખર, ક્યારેક એવું લાગે છે કે આ બે માણસોને પણ બીજો કોઈ જ રસ નથી. સિદ્ધારમૈયા પાસે એક સમયે રાજ્ય માટે એક વિઝન હતું; તેઓ તે ગુમાવી બેઠા છે. શિવકુમારની વાત કરીએ તો, મુખ્યમંત્રી બનવાની તેમની પ્રબળ ઈચ્છા સિવાય, અન્ય જે બાબત તેમને રસ ધરાવતી હોય તે પેલો ખરાબ રીતે વિચારેલો અને ઘણો ખર્ચાળ ટનલ પ્રોજેક્ટ છે.

નોંધપાત્ર રીતે, રાજ્યના સામાજિક અને આર્થિક વિકાસના આ મોટા પ્રશ્નો વિરોધ પક્ષને પણ જરાય ચિંતિત કરતા નથી. કર્ણાટકમાં ભારતીય જનતા પાર્ટી કેન્દ્રમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહ અને ઉત્તર પ્રદેશમાં આદિત્યનાથ જેવા પ્રભાવશાળી મુખ્યમંત્રીઓ દ્વારા સ્થાપિત ઉદાહરણને અનુસરીને વધુ સાંપ્રદાયિક બની ગઈ છે. તે બીજું કંઈ નહીં પણ ધાર્મિક લઘુમતીઓના નફરત અને શંકા દ્વારા સંચાલિત છે. ભાજપ પાસે કર્ણાટકનાં મતદારોને આપવા માટે કોઈ સકારાત્મક વિઝન નથી અને જનતા દળ (સેક્યુલર) ની વાત કરીએ તો, તે માત્ર એચ. ડી. દેવગૌડા અને તેમનાં વંશજોના સ્વાર્થને પ્રોત્સાહન આપવા માટે જ અસ્તિત્વ ધરાવે છે.

તેમની પ્રથમ ટર્મમાં, 2013 અને 2018 વચ્ચે, સિદ્ધારમૈયાએ સ્થિર અને તદ્દન સક્ષમ વહીવટ પૂરો પાડ્યો હતો. તેમની બીજી ટર્મમાં, વાર્તા દિશાહીનતા, મૂંઝવણ અને તીવ્ર જૂથબંધીની રહી છે. અન્ય સંજોગોમાં નાગરિકે વિરોધ પક્ષને સંગઠિત થવા કહ્યું હોત. પરંતુ આ કિસ્સામાં, જો મે 2028માં યોજાનારી આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપના નેતૃત્વ હેઠળનો વિરોધ પક્ષ સત્તા પર આવે, તો તે જે પણ સરકાર બનાવશે તે અત્યારે જે છે તેના કરતાં એટલી જ અક્ષમ અને ચોક્કસપણે વધુ દ્વેષપૂર્ણ હશે. જો કે, આગામી ચૂંટણી પહેલાં બે વર્ષથી વધુનો સમય બાકી છે, જે કર્ણાટક કોંગ્રેસ માટે ફરીથી સંગઠિત થવા, ફરીથી ધ્યાન કેન્દ્રિત કરવા અને રાજ્ય અને તેનાં નાગરિકોને તે પ્રકારનો વહીવટ પૂરો પાડવા માટે પૂરતો છે જે તે ઈચ્છે છે અને તેને મળવો જોઈએ. કોંગ્રેસ ખરેખર આવું કરી શકે છે કે કેમ તે બીજી બાબત છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## વિચારવા જેવું

આજકાલ જાણે સવારથી ઊઠીને બસ એક દિશામાંથી બીજી દિશામાં ક્યારેક હેતુ માટે, તો ક્યારેક કારણ વગર સમય પસાર કરવાની દોડાદોડી હોય છે ને આ દોડા દોડી પગની નથી પરંતુ વાહનો દ્વારા માણસની હોય છે. ૨૪\૭નું ક્લોક સતત ચાલતું રહે છે. આર્થિક ઉપાર્જન, શિક્ષણ હેતુ, સામાજિક કાર્યો મુખ્ય કારણો છે. સવારના ૯:૩૦ અને સાંજે ૬:૩૦ રસ્તાઓ પર વ્હીકલોનો ખડકલો જોવા મળે છે. આ બધાંમાંથી પસાર થતાં એક વિચાર આવે છે કે ધંધા અને નોકરીના સમયમાં સ્ટાન્ડર્ડ સમય કરતા અડધો કલાકના અંતરાલનો સમયગાળો હોય તો ટ્રાફિકની સમસ્યામાં થોડી રાહત થાય. આ ઉપરાંત વિવિધ રુટ, રસ્તાઓનો અભ્યાસ કરી મોટા વ્હીકલ, ગાડી રિક્ષા અને ટુ વ્હીલર માટેના અલગ રસ્તા જેથી કરીને ટ્રાફિક સમસ્યામાં રાહત થાય. મેટ્રો ને ખોદકામના કાર્યો સત્વરે પૂરા થાય તો પણ ટ્રાફિકથી રાહત મળે. રસ્તા પરના ઊભા થયેલા દબાણો સમયે સમયે દૂર કરવાથી પણ ફાયદો થાય. જોકે જનભાગીદારીથી જ આ શક્ય બની શકશે. આ બાબત વિચારવા જેવી ચોક્કસ છે.

**સુરત - સીમા પરીખ**

## રોંગ સાઈડ તથા ઓવરસ્પીડ ડમ્પરથી થતું નુકસાન

હાલમાં યુવા વર્ગમાં કેમ શું થઈ ગયું કે આરામથી રોંગ સાઈડ ગાડી ચલાવી ઊંચો રાખે છે તથા ઓવર સ્પીડથી બચવા પગે (પગપાળા) ચાલતા નિર્દોષ વ્યકિતને ટક્કર મારી કાકા સોરી કહીને ભાગી જાય છે તથા ડમ્પર આગળ સ્પીડ ઘટાડવાનું ભૂલી જાય છે. હાલમાં પોશ એરિયામાં ધનવાન છોકરાઓના નબીરા નશામાં ગાડી ચલાવી હરીફાઈમાં ઊતરે છે પછી અકસ્માત કરી બેસે છે ત્યારે વાલીઓને જાણકારી થાય છે. રાજ્યમાં ટ્રાફિક શિસ્તના ધજાગરા ઉડાવતા રોંગ સાઈડ ડ્રાઈવિંગથી છેલ્લા 1 વર્ષમાં 683 અકસ્માત થયા છે. રોંગ સાઈડ ઓવર સ્પીડમાં વાહન ચલાવવું એ ટ્રાફિક નિયમનના ભંગ સાથે મોતને સીધું આમંત્રણ છે. ડમ્પરના કારણે થતા અકસ્માતનું પ્રમાણ પણ ચિંતાજનક રીતે વધ્યું છે. આપ રહેંગે સાવધાન તો નહીં હોયેગા નુકસાન.

**સુરત - મહેશ આઈ. ડોક્ટર**

## સંગીત મનક પંખ લગાયે

સંગીત માનવીના મનોવિશ્વને આનંદિત કરે છે. સૌમ્ય તાલબદ્ધ સુમધુર સંગીત ક્યારેક સમાધિ અવસ્થામાં લઈ જતુ હોય છે. દેવી-દેવતાઓને પણ સંગીત અતિપ્રિય હોય એવું શાસ્ત્રોમાં કહેવાયું છે. સ્વયં રાવણે શિવજીને પ્રસન્ન કરવા સંગીતનો સહારો લીધો હતો. આપણા ભક્ત કવિઓએ પણ ભક્તિરચના સંગીતના સમન્વયથી જ કરી છે. કરતાલ, વીણા, એકતારો, મૃદંગ વિ. ભક્તકવિઓના કરમાં શોભતા હોય છે. જે તસવીરો દ્વારા પ્રગટ થયું છે. શાસ્ત્રી સંગીતની વાત જ અનોખી છે. આજે પણ વયસ્ક વ્યક્તિને શાસ્ત્રીય સંગીત અતિપ્રિય હોય જ છે. સંગીત વિના ચલચિત્રો પણ અધૂરા! ગીત ક્યારેય સંગીત વિના શોભતા નથી અને શક્ય પણ નથી. ચલચિત્રોમાં ''બેકગ્રાઉન્ડ'' મ્યુઝિક વિના મારામારીનો દશ્યો પણ અનુચિત લાગે! ભારતીય સંગીત સમગ્ર વિશ્વમાં લોકપ્રિય અને સન્માનિત છે. ગઝલ, ગરબા, નૃત્ય, સુગમસંગીત, ફિલ્મીગીતો, ડાયરો વિ. અનેક કાર્યક્રમો સંગીત વિના અધૂરા જ હોય. ભારતમાં અનેક ગાયક-ગાયિકા, સંગીતકારોએ સ્વરસાધના કરી સંગીતની કુશળતાપૂર્વક સેવા કરી જ છે. સંગીત એકલતા દૂર કરવામાં પણ અનન્ય યોગદાન અર્પણ કરે છે. મા સરસ્વતીની કૃપા દ્વારા જ સંગીત સાધનામાં કુશળતા પ્રાપ્ત કરી શકાય છે. સુમધુર સૌમ્ય સંગીત એકાગ્રતા સાધવામાં અને રીલેક્શેશનમાં મદદરૂપ નિવડી શકે છે. તાનસેન અને બૈજુબાવરાની જુગલબંદી ઈતિહાસમાં સંગીત ક્ષેત્રે અમરકહાની કરી શકાય.

**સુરત - નેહા શાહ**

## વિશ્વમાં 6 સર્વોત્તમ ડોક્ટર

આજકાલ ભારતદેશ-પ્રગતિનાં પંથ પર સડસડાટ દોડી રહ્યું છે. જે અત્યંક આવકારદાય છે. પણ આ સાથે સ્વ.તથા કુટુંબના સ્માસ્થયની કાળજી પણ એટલી જ જરૂર છે. કારણ અંતમાં Health is wealth ગણાય છે. આ સાકાર કરવા જગતના છ (Six) ડોક્ટરો કે જેની નિઃસુલ્ક સેવા પ્રદાન કરે છે. 1) સૂર્યપ્રકાશઃ વહેલી સવારનો કુમળો તડકો એટલે વિટામિન 'ડી'નો સ્ત્રોત તથા દિનભરનાં કાર્યોની ઉર્જા પ્રદાન કરે છે. દરરોજ સવારે 15-20 મિનિટ સુધી સૂર્યપ્રકાશ લો લાભ લો. 2) વ્યવસાયઃ- શરીરની ક્ષમતા પ્રમાણે કસરત કરો, યોગા કરો- જે શરીરને સ્વસ્થતા અર્પણ કરે છે. 3) ખોરાકઃ- સવાર તથા રાત્રી ભોજન નિયમિત સમય પ્રમાણે લો અને તેમાં પણ મસાલેદાર તૈલીયુક્ત વાનગીઓને યોગ્ય પ્રમાણમાં લો. લીલા શાકભાજી તથા સીઝનલ ફળોનો આગ્રહ રાખો. 4). આત્મવિશ્વાસઃ જીવન છે મુશ્કેલીઓ/માંદગી આવતી રહે છે પણ આ સમયે આત્મવિશ્વાસ અડગ રાખો. જેના જેવો કોઈઉત્તમ સર્જન (ડોક્ટર) નથી. 5) સારા મિત્રોઃ- મિત્રોનું બહુ વિશાળ જૂથ જરૂરી નથી. પણ સુશીલ- સેવાભાવી અને નિઃસ્વાર્થ મિત્રો ભલે ઓછા હશે તે ચાલશે. કહેવાય છે કે 6) કુટુંબ સમયઃ- નોકરી/વ્યવસાયમાં ઘણાં વ્યસ્ત હો પણ કુટુંબના સભ્યો સાથે, જરૂરી ખેપી, સુખ-દુઃખ Share કરો. બાળકોને સારા વિચારો-સંસ્કાર આપો એ જ સાચી સંપત્તિ.

**રાંદેર રોડ - દિપક બી. દલાલ**

## પીંજરૂ ખુલ્લુ છતાંય પંખી ઊડે નહિ!

અલવિદા 2025ને 26મુ વર્ષ શુભારંભ થઈ ચૂક્યો છે. વિકાસ અને વિનાશ જાણે પગલે પગલાં મિલાવી મુસાફરી કરતાં દેખાય. ગુ.મિત્ર સમા છાશવારે વર્તમાનપત્રો અનૌરસ બાળકની માહિતી વાચકોની નજરમાં સિંચે. હોસ્પિટલમાંથી અવાવરૂ બાળક છોડીને ચાલી જતી મહિલા, ઝાડી જંગલમાંથી તાજા જન્મેલા બાળકનું રૂદન, વેટમાર્ગુની નજરે ચઢતાં શક્ય એટલી જરૂરી કાર્યવાહી કરે. હોસ્પિટલ, બાળકલ્યાણ કેન્દ્રો નવજાત બાળકને જીવન બક્ષવા પૂરે પૂરી મહેનત કરે. બહુ ઓછાના નસીબમાં દત્તક બાળક બનવાનું તકદીર હોય. દાકતરી સહાય હોસ્પિટલના સ્ટાફની જહેમતથી ઊગરી ગયેલ બાળકનું ભવિષ્ય તો અંધકારમય જ. હવે અનેક દવાઓ, ઊપાયો શોધાયા છે, તો અનૌરસ બાળક અવરેજ નહિ એવા ઈલાજો કેમ નથી થતાં? સમાજ પર નિર્દોષ, નિરાધારી, જેનું કોઈ કાળજી લેનાર નથી એવાં બાળકોનું ભારણ તો ઘટે. આ બનાવો ચિંતાજનક રીતે વધતા જાય છે. મજબૂરી કે છટકબારી? પીંજરૂ ખુલ્લુ, છતાંય પંખી તો ઊડે નહીં!

**સુરત - કુમુદભાઈ બક્ષી**

## માતૃશક્તિ: મણિબેન વલ્લભભાઈ પટેલ

વર્તમાનમાં ઘણી જગ્યાએ સ્ત્રીદાક્ષિણ્ય જેવા વિષયો પર ઘણુ-ઘણું વાંચવા જોવા મળે છે. પરંતુ સગાસમાજમાં જોતા લાગ્યુ કે તદ્દન નિર્થક છે. જો કે એ ધ્યાનમાં હતું કે આ માત્ર રૂરલ એરીઆની જ વાત હોય શકે. પરંતુ આંખો ત્યારે ઉઘડી ગઈ જ્યારે સરદાર વલ્લભભાઈ પટેલની દોઢસોમી જયંતી ઉજવાય રહી હતી ત્યારે આઠમાં ધોરણમાં (આજથી માત્ર અડધી સદી અગાઉ) ભણતો હતો ત્યારે હિન્દીમાં તેમના દિકરી સુ. મણીબેન વિશે પાઠ આવતો હતો. જેમાં એ મણીબેનને તેમના પીએ/ પીએસ કે એડીસી જે ગણો તે, તરીકે ઉલ્લેખાયેલા. અહીં એક વાત, "મિત્ર" વાચકોને ખાસ યાદ દેવડાવવાની કે સામાન્ય રીતે આપણે ત્યાં જે સ્ત્રી ગામડાની હોય કે પછી માથુ ઓળતી હોય, મરાઠીમાં જે ને "ભોળી ભાવટી" કહેવાય છે તેવી સ્ત્રી ને આ મણીબેન ના નામથી શોભાવવામાં આવતી હતી. વલ્લભભાઈ જેવા નેતાના સાથી તરીકે કામ કરવુ એ "નાનીમાનાં ઘર" જેવુ ન હોય શકે. આ કારણે મણીબેન હંમેશા એક જિજ્ઞાસાનો વિષય રહ્યા હતા. પરંતુ આ સંબોધન અને એ વલ્લભભાઈના દિકરી મણીબેન આજથી સો વર્ષ અગાઉ મુંબઈની અંગ્રેજી માધ્યમની મહાવિદ્યાલયમાં ભણેલા એ વાત તેમના જીવનચરિત્રમાં લખેલી છે. એવું નવસારીના કછોલી ગામના એક એંસી વરસના મિત્ર એ "કનફર્મ" કર્યુ. આશા છે, મિત્ર... અને ચર્ચાપત્રિઓઆ પાયાના પત્થર જેવા મણીબેન વિશે માહિતી મેળવી આપણેને એ "માતૃશક્તિ"થી માહિતગાર કરે.

**પાલણપોર ગામ, સુરત- ચેતન સુશીલ જોષી**